**<u>વઢવાણના મહે.જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,મુકામ– વઢવાણ</u>**

ફો.કે.નં.– ૫૯૩/૨૦૨૨

::– આંક–૧ નીચે હુકમ – ::

૧) સદરહુ ગુનાના કામે ફરીયાદપક્ષના કેસની હકીકત આંક–૧ વાળા ચાર્જશીટમા જણાવ્યા મુજબનો ગુનો આરોપીએ કરેલ હોય પડતા પુરાવાને આધારે આરોપી વિરુધ્ધ નામ. કોર્ટ મા ચાર્જશીટ કરેલ છે.

૨) આરોપી અદાલત સમક્ષ હાજર થતાં તેમને પોલીસ પોલીસ પેપર્સની નકલો આપી ત્યારબાદ પ્લી લેતાં આરોપીએ ગુનો કબુલ કરેલ હોય, આરોપીની આ કબુલાત સ્વેચ્છીક સમજણપૂર્વકની જણાય છે તેથી તેનો હું સ્વીકાર કરું છું.આરોપીની કબુલાત પુરસીસમા તેમણે જણાવેલ છે કે આ તેમનો પ્રથમ ગુન્હો છે, પોતે ગરીબ માણસ હોવાનું જણાવી, હળવા પ્રકારની દંડની સજા કરવા જણાવેલ છે.આમ, આરોપીની ઉપરોકત હકીકત તેમજ તેમની કબુલાત પુરસીસમાં જણાવેલ કારણોને લક્ષમા લેતા આરોપીની પ્રથમ ગુના માટે કાયદાનુસારની મહતમ સજા નહી કરતા હળવા પ્રકારની દંડની સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

::: હુ ક મ :::

૧) આ કામના આરોપીને ક્રિ.પો.કો.ક–૨૫૨ તળે ઈ.પી.કો.ક. ૨૭૯ મુજબના શીક્ષાને પાત્ર ગુના માટે તકસીરવાન ઠરાવી ગુના માટે કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રુા.૫૦૦/–(અંકે રુપિયા પાચસો પુરા) દંડ, દંડ ન ભરે તો તેને દિવસ–૪ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તારીખ :૧૩મી, માહે : મે, સને.૨૦૨૩ નાં રોજ નેશનલ લોક અદાલત અન્વયેની સ્પેશ્યલ સીટીંગમાં હુકમ વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કરવામાં આવે છે.

( મિનેષકુમાર વિનોદચંદ્ર પટેલ)
મુ.વઢવાણ
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
વઢવાણ. નં.જી.જે.૦૦૬૭૦.